# નિયામક, નાગરિક ઉડ્ડયન
# ગુજરાત સરકાર

www.cad.gujarat.gov.in www.gujsail.gujarat.gov.in

# સિધ્ધિઓ




ગુજરાતમાં દરેક સ્થળોને હવાઇ સેવાથી જોડવા આંતર રાજય હવાઇ જોડાણને પ્રોત્સાહન આપવાનો સરકારશ્રીનો હેતુ છે. ગુજસેલ કંપની ખાનગી કંપનીની સહભાગીતા સાથે આંતર રાજય હવાઇ જોડાણ શરૂ કરવામાં આવેલ છે. જેનાથી યાત્રાધામનો વિકાસ, દર્દીઓ એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગ કરી શકે, હોનારત સમયે ઉપયોગ, રાજયના નાગરિકો અને એન.આર.આઇ. લોકોને સગવડ, જલદી ખરાબ જઇ જતી ચીજોનું પરીવહન, વગેરેમાં મદદ મળી શકે છે.

સરકારશ્રી દ્વારા આંતર રાજ્ય હવાઈ સેવા શરૂ કરવા માટે મે. વેન્ચુરા એર કનેક્ટને કામગીરી સોંપવામાં આવેલ છે. માન.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૬ના રોજ સુરત-ભાવનગર હવાઈ સેવાને ખુલ્લી મુકેલ છે. આ સેવા શરૂ થવાથી, વેપાર ક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર તેમજ પ્રવાસન અને ઉડ્ડયન ક્ષેત્રનો વિકાસ થશે. આ સેવાથી ટાઇમનો બચાવ તેમજ અનુકૂળ મુસાફરીનું માધ્યમ મળી રહેશે. તેમજ લોકો પોતાની ધંધાકીય કામગીરી એક જ દિવસમાં પૂર્ણ કરીને પોતાના સ્થાનિક શહેરમાં તે જ દિવસે પરત ફરી શકશે. આ સેવાથી ફક્ત સામાન્ય જનતાને જ ફાયદો થશે તેવુ નહીં પરંતુ, સરકારશ્રીને પણ મુસાફરીનો વિકલ્પ મળી રહેશે જેનાથી વહીવટી સ્તરની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

# રીજીયોનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ.)

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા “નેશનલ સીવીલ એવીએશન પોલીસી-૨૦૧૬” બહાર પાડવામાં આવેલ છે. જેમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રનો અને ઉડ્ડયન માળખાનો વિકાસ થાય તે હેતુથી “રીજીયોનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ) ”નો મુસદ્દો રજુ થયેલ છે. આ યોજના હેઠળ એરપોર્ટના વિકાસ તેમજ હવાઇ જોડાણ મળી રહે તે હેતુથી વાયબીલીટી ગેપ ફંડીગ(વી.જી.એફ.)ની જોગવાઇ કરવામાં આવેલ છે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રીની ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૬ની ગુજરાત મુલાકાત વખતે તેઓ સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ.) કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં આવેલ બંધ પડેલ તેમજ જુજ વપરાશમાં હોય તેવી (Un-Served and Under Served) હવાઇપટ્ટી/ એરપોર્ટસનો વિકાસ થાય તેમજ રાજ્યમાં આવેલ હવાઇપટ્ટીઓ કે જેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે, તે ખર્ચ આ યોજના હેઠળ એમ.ઓ.યુ. કરવાથી ૮૦ ટકા ભારત સરકાર ભોગવશે અને ૨૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.




## એવીએશન ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ

હાલમાં ગુજરાત રાજ્યમાં ઉડ્ડયન સંબંધી અભ્યાસક્રમો ચલાવતી કોઈ સરકારી સંસ્થા નથી. ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લેતાં, એવીએશનને લગતા કોર્ષ શરૂ કરવા માટે રાજ્ય પીપીપી મોડ પર ઇન્સ્ટીટ્યુટની સ્થાપના કરશે. જેમાં સંસ્થાની માન્યતા અને પ્રમાણપત્રના ધોરણે સરકાર માળખાકીય સુવિધાઓ આપવા માટે સંસ્થાની પસંદગી કરશે.




## સેન્ટર ઓફ એક્સેલેન્સ

આ પ્રોજેક્ટ વિશિષ્ટ અને અદ્યતન પરીક્ષણના સાધનો અને સોફ્ટવેર દ્વારા એરોસ્પેસ કાર્યક્રમો વિવિધ એરોસ્પેસ વિષયો પર તાલીમ આપવા માટે એક "સેન્ટર ઓફ એકસેલન્સ" તરીકે અમલમાં આવશે. હાલમાં વિવિધ મૂલ્ય વધારાઓને અગ્રતા આપવા માટે ગુજરાત પ્રયત્નશીલ છે. જેમ કે, મૂલ્ય આધારીત રોજગાર પેદા કરવો, ઊચ્ચ કક્ષાનું શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, અર્થવ્યવસ્થા મજબૂત કરવા માટે જી.ડી.પી. વૃધ્ધિ વિ., જે આ ક્ષેત્ર માટેના કુશળ રોજગારના સાધનો સાથે રાજ્યને વધુ મજબૂત બનાવશે.

## ગુજસેલ ખાતે ડીજીસીએ પરીક્ષા સેન્ટર શરૂ કરવુ.



ડીજીસીએ (ડાયરેકટર જનરલ ઓફ સીવીલ એવીએશન, ભારત સરકાર) કવાટર્લી બેઝીસ (ચાર સત્ર) માટે વર્ષમાં ચાર વખત પરીક્ષાઓ યોજે છે. જેમાં પાયલટ માટેની દરેક પરિક્ષાઓ- પીપીએલ/ સીપીએલ/ એટીપીએલ પાયલટ, એ.એમ.ઇ. માટે વર્ષમાં ત્રણ વાર, ફલાઇટ ડીસ્પેચર/ એન્જીનીયર માટે વર્ષમાં બે વાર ભારતના અલગ અલગ સેન્ટર ઉપર પરીક્ષા યોજે છે. આ બન્ને પરિક્ષાઓ ઓનલાઇન (કોમ્પ્યુટર આધારિત) અને ટેકનિકલ (ઓએમઆર આધારિત) લેવામાં આવે છે. અમદાવાદ ખાતે આવુ કોઇ સેન્ટર ન હોઇ, ડીજીસીએ પરીક્ષા કેન્દ્ર શરૂ કરવાનું આયોજન છે.



## અંકલેશ્વર ખાતે એમ.આર.ઓ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર

રાજ્ય સરકાર. ભરૂચ નજીકના અંકલેશ્વર ખાતે મોટી એરસ્ટ્રીપ બનાવવા માટે વિકાસશીલ છે. આ એરસ્ટ્રીપનો ઉપયોગ ઉડ્ડયનની કામગીરી માટે કરવામાં આવશે અને બોઇંગ/એરબસ જેવા વિમાનો ઉડાન અને ઉતરાણ કરી શકશે. તદ્દઉપરાંત આ જ હવાઇપટ્ટી કાર્ગો સુવિધાઓ માટે ઉપયોગ કરવાની યોજના બનાવી રહી છે. જાળવણી, મરામત અને રાજ્યમાં વિમાનો / હેલિકોપ્ટર ક્ષેત્રના સંપૂર્ણ મરામત અને આવક પેદા કરવા પ્રોત્સાહન માટે, ગુજસેલ અંકલેશ્વર એરસ્ટ્રીપ ખાતે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ સુયોજિત એક એમ.આર.ઓ. અધિષ્ઠાપિત દરખાસ્ત કરેલ છે.



## અમરેલી એરો સ્પોર્ટ હબ

અમરેલી હવાઇપટ્ટી ખાતે એરોસ્પોર્ટ પ્રવૃતિ ઓ જેવીકે, પેરાસેઇલ, પેરાગ્લાડીંગ, એરો મોડેલીંગ, હેન્ગ ગ્લાયડીંગ વિ. વિકસાવવાનું આયોજન છે. અમરેલી હવાઇપટ્ટીનો ઉપયોગ સાચી દિશામાં ચોક્કસ પગલુ હશે અને રાજય અને દેશના એરોસ્પોર્ટ ઉત્સાહી અને અસ્તિત્વ માટે જરૂરી સમર્થન અને પ્રોસ્તાહન પુરૂ પાડશે. આ પ્રવૃતિથી રાજ્યના પ્રવાસન ઉદ્યોગને ઉત્તેજન મળશે, જેમાં હોબી ફલાયર્સ અને એરો સમર્થકો રાજ્યના પ્રવાસીઓને આકર્ષશે.

## શિક્ષણના નવા અભ્યાસ ક્રમો




ગુજરાતમાં ઉડ્ડયન ક્ષેત્રની અનુસ્નાતક કાર્યક્રમો આંગળીઓના વેઢે ગણાય તેટલા છે. આથી, ઉડ્ડયન ક્ષેત્રનો વિકાસ કરવા માટે અને ગુજરાત રાજ્યના વિધાર્થીઓને ઉડ્ડયન ક્ષેત્ર સંબધિત શિક્ષણ પૂરૂ પાડવા માટે આવી સંસ્થાઓને સરકાર દ્વારા પ્રોત્સાહન આપી શકાય. ગુજસેલ વિધાર્થીઓ માટે નવા અભ્યાસક્રમો શરૂ કરવા માંગે છે. જેમાં (૧) એક્ઝીક્યુટીવ એમ.બી.એ. એવીએશન મેનેજમેન્ટ, (૨) એમ.બી.એ. એવીએશન મેનેજમેન્ટ, (૩) બી.બી.એ. એવીએશન ઓપરેશન, (૪) બી.ટેક એરોસ્પેશ એન્જીનીયરીંગ, (૫) બી.ટેક એવીયોનીક્સ એન્જીનીયરીંગ, (૬) એમ.બી.એ. લોજિસ્ટીક મેનેજમેન્ટ, (૭) બી.બી.એ. ટુરિઝમ. અભ્યાસક્રમનો સમાવેશ થાય છે.




રાજ્યમાં પ્રવાસન, ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયનના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ૮ સ્થળો જેમકે, અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દહેજ, રાજકોટ, ધોળાવીરા, અંબાજી, અને દ્વારકા ખાતે હવાઇપટ્ટી બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં દ્વારકા, અંબાજી, પાલિતાણા, અંકલેશ્વર જેવા યાત્રાધામના સ્થળોએ હવાઇપટ્ટી બનાવવાનું આયોજન છે.



## એવીએશન પાર્ક

રાજયમાં એવીએશન પાર્ક બનાવવાનું આયોજન છે. જેમાં એરોસ્પોર્ટસની પ્રવૃતિ, એડવેન્ચર એરોસ્પોર્ટ જેમકે, ગ્લાઇડીંગ, હયાત હવાઇપટ્ટી ઉપર માઇક્રો લાઇટ એરક્રાફટનું ઉડ્ડયન કરવાનું આયોજન છે.




## એરબોર્ન લો ઇન્ફોર્સમેન્ટ

ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં હેલિકોપ્ટરથી પોલિસ સેવા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં પોલિસ દ્વારા રાજ્યમાં એન્ટીનક્ષલ પ્રવૃતિ, રાજ્યની જનતાની સલામતિ તેમજ અન્ય પોલિસને લગતી પ્રવૃતિ માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. હેલિકોપ્ટરના મરામત અને સંચાલનની જવાબદારી ગુજસેલ કંપનીને સોંપવા અંગે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે.